શ્રી લક્ષ્મી કાન્ત નાટક સમાજ.

વીર વિજય.

નાટકનાં ગાયનો તથા ટુંકસાર.

Reg. No. 23 /3/

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ચંદુલાલ હરગોવનદાસ શાહ.
માલીક "શ્રી લક્ષ્મી કાન્ત નાટક સમાજ"
હાલ મુકામ ગ્રાંટરોડ, વીકટોરીઆ થીએટર-મુંબઇ.

સુરત, ચઉટાના પુલ ઉપર આવેલા ધી 'શંકર' પ્રિ. પ્રેસમાં
નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યું

કીંમત ૪ આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૯૧૦

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक ४११० वर्गांक
पुस्तकनुं नाम ચારિત્ર્ય
विषय ६-१२-३

તાવનો કટ્ટો શત્રુ કોણ?

અરે

પણ તમો તપાસ તો કરો કે
હિંદુસ્તાનમાં તાવનો કટ્ટો શત્રુ કોણ.

તમો એક વખત તપાસ કરશો તો તમને ખબર પડશે કે તાવને નસાડવાને અકસીર ઇલાજ એકજ છે, અને તે એજ કે—

અમારો વાયરલેસ ફીવર મિક્ષ્ચર.

કે જે ગમે તેવો, ગમે તે જાતનો તાવ હોય તેને ચોવીસ કલાકમાં નાબુદ કરી અખુટ શક્તિ મળે છે.

—અરે—

પણ અમો એટલેથીજ અટકી નહીં જતાં અમારા આર્યબંધુઓને માટે અમોએ બીજી ઘણી ચીજો તૈયાર કરી છે.

—તેનું નામ—

વાયરલેસ બામ, બાલા છાપનો ગજકર્ણ મલમ.

—વાળ માટે—

હિન્દ દેવી હેઅર ઓઇલ, પુષ્પ મોહીના હેઅર ઓઇલ, કામા હેઅર ઓઇલ, કનકતારા હેઅર ઓઇલ, ઓટો હિન્દ દેવી સેન્ટ. તેમજ ગુલાબ પાણી, સરબત, સેન્ટ, સાબુ, અત્તર વિગેરે હમારે ત્યાંથી મળશે.

એફ. હુકમુદીન કંપની.
નં. ૮ ભાજીપાલા લેન, મુંબઇ નં. ૩.

આ નાટક બાબતના તમામ હક અને ૧૮૬૭ના ૨૫ માં એક્ટ મુજબ માલેકે પોતાને સ્વાધીન રાખ્યા છે માટે રજા શીવાય કોઈએ છાપવું, છપાવવું, વેચવું, વેચાવવું તેમજ ભજવવું કે ભજવાવવું નહીં.

॥ ॐ ॥

। तत्सत् परमात्माने नमः ।

વીર વિજય.

નાટકનો ટુંકું સાર તથા ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ચંદુલાલ હરગોવનદાસ શાહ.

માલીક—"શ્રી લક્ષ્મી નાટક સમાજ"

ગ્રાંટરોડ વીકટોરીઆ થીએટર—મુંબઈ.

સંવત ૧૯૭૬] [ઈ૦ સ૦ ૧૯૨૦

આવૃત્તિ ચોથી મુંબઈ પ્રત ૨૦૦૦.

ધી "શંકર" પ્રી. પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપી.

ચઉટાના પુલ ઉપર ટાંકી સામે—સુરત.

કીંમત ૪ આના.

હિંદુ કુટુંબોમાં જાણીતી

અને

પારસી કુટુંબોની માનીતી

ગરમ, સુતરાઉ અને ફેન્સી કાપડની

દુકાન.

અપુ-મીનીશની કંપની

છે

જ્યાં તરેહવાર જાતનું બાનુઓ તેમજ ગૃહસ્થોને
બરનું દરેક કીસમનું કાપડ જથાબંધના ભાવે
છુટક વેચવામાં આવે છે.

હમારો મુદ્દા લેખ.

(૧) ગ્રાહકો સાથે નમનતાઇ

(૨) એકદમ ઓછો ભાવ

(૩) બીલકુલ નવોજ માલ

ઠેકાણું—**મંગળદાસ મારકીટ, ગલી નં. ૪**

ટેલીફોન નંબર ૨૭૬૨.

વીર વિજય નાટકનાં મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્રો.

પર્વતેશ્વર...ગ્રીક શહેનશાહના આશ્રયે રહેલો પંજાબપતિ.

જયપાળ......ચંદ્રગઢના રાજા ધર્મપાળનો પુત્ર.

ચંદ્રપાળ......તેનો ભત્રીજો, ચંદ્રગઢનો પાટવી કુમાર અને કમળાનો ભવિષ્યનો પતિ.

સુરપાળ......એક સ્વામી ભક્ત ક્ષત્રીયવીર જયપાળનો મદદગાર.

બ્રહ્માનંદસ્વામી......દેશાભીમાની સ્વધર્મ ચુસ્ત દેવી ઉપાસક સાધુ.

વીરસીંહ.........વિજયગઢનો પાટવી કુમાર.

રામસીંહ.........વીરસીંહનો કાકો.

વીરકતુ..........પંજાબપતિનો સેનાધ્યક્ષ.

પાનાચંદ.........એક મખ્ખીચુસ બુઢ્ઢો શાહુકાર.

માવજી.........તેનો મોટો દીકરો, લુચ્ચો શેરદલાલ.

પેથો ઉર્ફે પાટકર સાહેબ...કોઇ પણ રસ્તે પૈસા મેળવી મોજ મજા ઉડાવનાર માવજીભાઇનો ન્હાનો ભાઇ.

સ્ત્રી પાત્રો.

પ્રભાવતી.........પંજાબપતિની પુત્રી.

કમળા............રામસીંહની પુત્રી ચંદ્રપાળની ભવિષ્યની પતિ.

રાણી ....રામસીંહની પત્ની, કમળાની માતા.

શીલુજી.........એક દેવીભક્ત ચારણ કન્યા.

દેવી............મહાશકતી.

ગુમાન.........માવજીની પત્ની.

મંગળા.........પાટકર સાહેબનું પ્રેમપાત્ર.

એ શિવાયઃ—સાહેલીઓ, દરબારીઓ, સૈનીકો, શેરદલાલો, બંગો, ઉસ્તાદ, નાતપટેલ, ચોપદાર, વારાંગના વિગેરે.

શ્રીગણેશાયનમઃ

વીર વિજય.

નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

પ્રારંભે—મંગળાચરણ-વસ્તુ સૂચન.

પ્રવેશ ૧લો--સ્થળ ચંદ્રગઢ ભસ્મિભૂત:—

જયપાળનો પોતાની જન્મભૂમીની અવદશા જોઇને ખેદ. સ્વામી ભક્ત સુરપાળનું આશ્વાસન. અચાનક પંજાબપતી પર્વતેશ્વરનું આગમન પરસ્પર ઝપાઝપી સુરપાળ તથા અન્ય ક્ષત્રી વીરોએ આવી જયપાળને બચાવવો.

ટેબ્લો.

પ્રવેશ ૨ જો—સ્થળ-જંગલ:

દેવી ઉપાસક બ્રહ્માનંદ સ્વામીને ચંદ્રગઢનો નાશ થવા વિશે [illegible] જયપાળનું આવવું. બળહીણ થયેલા જયપાળનું આપઘાત

કરવા તત્પર થવું. બ્રહ્માનંદ સ્વામીએ અટકાવવા જયપાળના ભત્રીજા ચંદ્રપાળના હાથે ચંદ્રગઢનો ઉદ્ધાર થશે એવો સંકેત કરી તેને મેળવવો, બાદ રક્ષણાર્થે વિજયગઢ જઇ ચહુઆણોના આશ્રયમાં રહેવાની સલાહ આપવી ત્રણેની વીદાયગીરી.

પ્રવેશ ૩જો—બંગલો—એક શ્રીમંત પણ કંજુસ બુઢ્ઢાની સફરમી સંતતિ શેરબજારનો બુબ્બો દલાલ તેનો મોટો દીકરો માવજી; લેભાગુ વકીલ બની બેઠેલો નાનો દીકરો પૂરો હરામખોર પેથો ઉર્ફે કડકા પાટકર સાહેબ અને માવજીની ફેશનેબલ બૈરી ગુમાન ત્રણે મળી બુઢ્ઢા પાનાચંદની પુષ્પાંજલીથી પુજા કરી પૈસા પડાવે છે.

પ્રવેશ ૪થો—દેવી મંદીર:—બ્રહ્માનંદ સ્વામી પ્રજાને બોલાવી પોતાના દેશ માટે યુદ્ધ આરંભ માટે સમજાવે છે ત્યાં પંજાબપતીનાં સરદાર વીરકેતુ જયપાળ મંદીરમાં છુપાયો છે, એમ ધારી આવે છે. ત્યાં પ્રજાજનો એકઠા થયેલા જોઇ બ્રહ્માનંદ પર ક્રોધે ભરાય છે. વીરકેતુ મંદીરમાં જવા જાય છે. બ્રહ્માનંદ તથા પ્રજાજનો તેને અટકાવે છે, ભયંકર યુદ્ધ થવા સંભવ, ત્યાં રાજકુંવરી પ્રભાવતી આવી અટકાવે છે.

—ટેબલો.—

પ્રવેશ ૫-મો પર્વતેશ્વરનો મહેલ:—

હજી સુધી જયપાળ નહીં પકડવાથી સૈનીકોપર ક્રોધે ભરાય છે. સૈનીકો તરફથી રાજકુંવરી પ્રભાવતી વચ્ચે પડી શત્રુનું રક્ષણ

કર્યું તે વાત જાહેર થાય છે પર્વતેશ્વર પ્રભાવતીને બોલાવી તેમ ન કરવા સમજાવે છે. પ્રભાવતી, અનન્તીના કાર્યમાં આડે આવવાની હઠ કરે છે. પર્વતેશ્વરનું ક્રોધમાં ચાલી જવું. પ્રભાવતીનો પોતાની અવસ્થા માટે શોક.

પ્રવેશ ૬ ઠો બગીચો:—

રામસીંહની પુત્રી કમળાનો સખીઓ સાથે વિનોદ, અચાનક ચંદ્રપાળનું આગમન, બન્નેનો ગાઢ પ્રેમ ત્યાર બાદ રામસીંહ તથા જયપાળનું પ્રવેશવું, પર્વતેશ્વરે સંધી માટે ચંદ્રગઢ બોલાવા લખેલી પત્રીકાનો ખુલાસો કરી જવાની તૈયારી.

પ્રવેશ ૭ મો—શેરબજાર.

બુઢ્ઢા પાસે મેળવેલા પૈસા વડે માવજીભાઇ ચોહોમ કરી શેરબજારમાં ઝૂકાવે છે અને જોશીના વેશમાં આવેલો પેથો પણ લોકોનાં ખીસ્સાપર કાતર ચલાવે છે. પણ ચોરને પાટલે ધૂળની ધુળજ રહેવાથી પાછા લુખ્ખા બનેલા બન્નેભાઇ પૈસા મેળવવાની કોઈ બીજી યુકિત લડાવે છે, અંધશ્રદ્ધાળુ બુઢ્ઢો ત્યાં આવી પડતા ધના જોશીના વેશમાં રહેલો પેથો અકસ્માતથી તેનું મ્હોત નજીક આવ્યાનું જણાવે છે. જેથી ગભરાઇને બુઢ્ઢો જંગલમાં નાસી જાય છે. જેથી કોઇ રીતે ઘર સળગાવી તેમાં બુઢ્ઢાને મરી ગયેલો ઠરાવી મીલકત પચાવી જવાની યુકિત માવજીના ગયા બાદ પેથાની બાડુતી પત્ની મંગળાનું આવવું અને ઉભયનો કૃતિમ મેળાપ.

પ્રવેશ ૮ મો–છાવણીમાં પર્વતેશ્વરનો દરબાર

જયપાળ તથા રામસીંહ સાથે પર્વતેશ્વર પોતે ન્યાયી રાજા સાબિત થવા દંભની વાતો કરે છે, બન્ને સમજી જાય છે અહીં બોલાવવામાં પર્વતેશ્વરનો કંઇ ભેદ છે. એમ તેઓને સાફ સમજાય છે, બન્ને જણુ રહામાં થાય છે, પર્વતેશ્વર તેમને કેદ કરવા હુકમ ફરમાવે છે, બ્રહ્માનંદ સ્વામી તથા ચંદ્રપાળ આવી તેઓને બચાવે છે. પરંતુ બ્રહ્માનંદ કેદ થાય છે.

— ટેબ્લો. —

અંક ૧ લો સમાપ્ત

અંક બીજો.

પ્રવેશ ૧લો--પંજાબનું કેદખાનું—

બ્રહ્માનંદ સ્વામીને કેદ કરી પર્વતેશ્વર તેમનો ઘાત કરવા તત્પર બને છે, ત્યાં રાજકુવરી પ્રભાવતી વચ્ચે પડે છે, પર્વતેશ્વર તેને પણ મારવા ધસે છે, પણ વીરસીંહ બ્રહ્માનંદ સ્વામીના કેદ થવાની ખબર સાંભળી વીજયગઢથી તેમના રક્ષણ માટે આવી બન્નેને બચાવે છે.

પ્રવેશ ૨ જો રાજ્ય મહાલય:--

રાજકુંવરી પ્રભાવતી વીરસીંહનું પરાક્રમ જોઇ તેના પ્રેમમાં લીન થઇ જાય છે, સખીઓ સાથે વીનોદ, પર્વતેશ્વરનું આવવું, વીરસીંહ સાથે લગ્ન કરવાની કુંવરીની માંગણી, પર્વતેશ્વરનું ક્રોધે બરાવું, પણ પાછળથી સમય સુચકતા વાપરી અમુક સમયને માટે ચહુઆણોને મિત્ર બનાવા ખાતર કુવરીને વીરસીંહ સાથે પરણાવવા કબુલ થવું.

પ્રવેશ ૩ જો-બંગલો:—

ઘર સળગાવી તેમાં બુઢ્ઢાને મરી ગયેલો જાહેર કરી બન્ને ભાઇ મીલકતની વ્હેંચણી કરવાનો વિચાર કરી રહ્યા છે, ત્યાં બુઢ્ઢાનું આવવું તેને ભૂત ઠરાવી પેટીમાં પૂરવો, બાદ મીલકતની

વ્હેંચણી અને તેમાં મોતીની માળા માટે પરસ્પર ભયંકર તકરાર માવજી ગુસ્સે થઇ ચાલી ગયા બાદ તેને પૂરો રડાવવાના ઈરાદાથી પેથો બધી મીલકતનો પોતાને એકલાનેજ વારસ ઠરાવવાનું વચન લઈ બુઢ્ઢાને પેટીમાંથી બહાર કાઢે છે, અને નાત પટેલની મદદ વડે માવજીભાઈની સામે થવા ઉસ્કેરે છે.

પ્રવેશ ૪ થો– યમુના તટ:—

રાજકુંવરી પ્રભાવતી તથા વીરસીંહનું નદી તટપર ફરવા આવવું એકાંત જોઈ પ્રેમની માંગણી કરવી, વીરસીંહ તેને વીધર્મીઓની સેવા સ્વીકારી તેના સહ વાસમ રહેલી હોવાથી તેની માંગણીનો અસ્વિકાર કરવો.

પ્રવેશ ૫ મો–જયપાળનો બગીચો:—

વીરસીંહે પર્વતેશ્વરનો તિરસ્કાર કરવાથી પર્વતેશ્વર વિજયગઢપર ચઢી ગયો છે, એવી ખબર બ્રહ્માનંદ સ્વામીને મળવાથી તેઓએ જયપાળ તથા ચંદ્રપાળને ચહુઆણોની મદદ માટે જવા કહેવું, જયપાળનું વિજયગઢ પોતાનું ચહુઆણોએ અપમાન કરેલું હોવાથી મદદ કરવાના માટે કહેવું; ચંદ્રપાળનું મદદ માટે તૈયાર થવું.

પ્રવેશ ૬ ઠો-વિજયગઢનો કિલ્લો:—

પૂર્વતેશ્વરે પોતાના સરદાર વીરકેતુને રામસીંહ તથા વીરસીંહને લગ્ન માટે સમજાવવા મોકલવો રામસીંહ તથા વીરસીંહે તેનો તિરસ્કાર કરવો. પર્વતેશ્વરનો ક્રોધ, ભયંકર યુદ્ધ, રામસીંહ તથા વીરસીંહનું કેદ થવું.

ટેબલો.

પ્રવેશ ૭ મો-મકાન:—

પોતાની સુંદરતા શોભાવવા માટે વસ્ત્રાભુષણની ભુખી ગુમાન ને કામાંધ પેથો દાગીનાની લાલચ આપી પોતાની સાથે દુરાચાર આચરવા લલચાવે છે. પણ સ્વતંત્ર વીચારની છતાં શીયળવતી ગુમાન તરફથી તેનો તિરસ્કાર, માવજીનું આગમન બન્ને ભાઇઓમાં પછી તકરાર. ત્યાં નાતપટેલ સાથે પાનાચંદનું આવવું અને કોરટે ચડવાની ધમકી આપી બુઢ્ઢાની મીલકત પાછી સોંપાવે છે. બાદ પેથો બુઢ્ઢાપાસે વારસાની માગણી કરે છે તેમાં બુઢ્ઢાનો વાણીયા વિદ્યા, પેથાભાઇને પાણીચું અને ધિક્કાર, અને માવજી તથા ગુમાનનો સુધરી જવાનો નિશ્ચય.

પ્રવેશ ૮ મો-પર્વતેશ્વરની છાવણી—

પર્વતેશ્વર વીરસીંહને સમજાવે છે. અડગનિશ્ચયી વીરસીંહ પોતાનું ગૌરવ ઝળકાવવા અને ટેકને સાચવવા પોતાની દેહનો ત્યાગ કરે છે, પર્વતેશ્વર ક્રોધે ભરાઇ તેનું માથું કપાવે છે વ્યાકુળ

થયેલી પ્રભાવતી આવે છે અને વીરસીંહના કપાયલાં માંથાને વરમાળ પહેરાવવા તૈયાર થાય છે. માથું અવળું ફરે છે, પરંતુ રાજકુંવરીના સતીત્વના પ્રભાવે માથું કુંવરી તરફ ફરે છે, અને વરમાળા પહેરાવી માંથાને ખોળામાં લઈ ચીતામાં બળી મરી પોતાનું સતીત્વ પ્રત્યક્ષ બતાવે છે.

ટેબ્લો.

અંક બીજો સમાપ્ત.



અંક ત્રીજો

પ્રવેશ ૧ લો જોગણીઓનું સ્થાન—

રામસીંહને શીણીજીની કૃપા વડે દેવી ખડગ મળે છે.

પ્રવેશ ૨ જો—જયપાળનો બગીચો—

જયપાળ આળસુ હોવાથી બ્રહ્માનંદ સ્વામી તેને બહુજ ઠપકો આપે છે, જયપાળ તથા ચંદ્રપાળ ચંદ્રગઢનો ઉદ્ધાર કરવા તૈયાર થાય છે, પરંતુ ચંદ્રગઢથી દેવી ખડગ લઇ આવવાની બ્રહ્માનંદ સ્વામીની સુચના ચંદ્રપાળ તે લઈ આવવા તત્પર બને છે,

પ્રવેશ ૩-જો કમળાનો બગીચો---

ચંદ્રપાળ કમળા પાસે આપ[illegible]ેલી ખડગ જોવા માંગે છે, કમળા લાવી આપે છે. ચ[illegible] જાસુસને આપે છે, જાસુસ લઈ છટકી જાય છે, બાદ રાણી તથા રામસીંહ આવે છે, રામસીંહ ચંદ્રપાળને શત્રુ માની તેના ઉપર ક્રોધે ભરાય છે અને દીકરીને નહી મોકલવાની હુજ્જત કરે છે, રાણી તેની વીરૂદ્ધ થઇ ચંદ્રપાળ સાથે કમળાને મોકલી દે છે, એક હજુરી ગભરાટમાં આવી દેવી ખડગ ગુમ થવાના સમાચાર આપે છે. રાણી ઉપર રામસીંહનો ક્રોધ.

—ટેબ્લો.—

પ્રવેશ ૪ થો-રસ્તો--

ભીખારી થયેલા પાકટર સાહેબ નાયકા મંગળા પાસે પૈસા છુંછીના માગે છે પણ જવાબમાં ખાસડાંનો માર મળતાં પેથો પસ્તાય છે. અચાનક આવી ચડેલા માવજીનો તેને દીલાસો ત્યાં ગુમાન અને બુઢ્ઢાનું આગમન ખત્તા ખાઇ ઠેકાણે આવેલા છોકરા. ઓને બુઢો અરધી મીલકત વ્હેંચી આપેછે જેથી સર્વને આનંદ.

પ્રવેશ ૫ મો-સંગ્રામભૂમી—

ચહુઆણો તથા રાઠોડનું સામસામ યુદ્ધ, ચંદ્રપાળ હસ્તે રામસીંહ કેદ.

પ્રવેશ ૬ ઠો-દરબાર—

રાઠોડના વિજય, રાઠોડ કુલદીપક ચંદ્રપાળને બ્રહ્માનંદ સ્વામીની હાથે રાજ્યાભિષેક, રામસીંહ બંધનમુક્ત, સત્યનો જય અને દેશ ભક્ત વીરનો વિજય.

શાન્તિ, શાન્તિ, શાન્તિ,

અંક ૩ જો સમાપ્ત.

॥ ૐ ॥

વીર વિજય.

નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર— ૧

શ્રીવર શ્યામ તું પુરણ કામ તું
જય લલામ વિશ્વધામ પ્રભુ તું અચળ તું
વિશ્વાધાર વિપદહાર
પ્રણુતપાત કર ઉદ્ધાર
વિનંતી કરૂં કર જોડી......................શ્રીવર.

બાળાઓ— ૨

છે ધન્ય નેક ટેક રાખનારા તે ધર્મવીર
વરતી વિજય જેની ખડગ ધારા રણુરંગ ધીર—
ગરજે કેશરી સમાન જંગે
રિપુ સંગે, રણુરંગે, રંગે શરીર—

દઇ શિર નિજ દેશ દાઝ દાખે
પતરાખે ઝળકાવે કીર્તિ મિહિર—

બ્રહ્માનંદ— ૩

અમારૂં નાવરે પ્રભુજી તારજો હોજી
દુશ્મન દરિયો ઉલટયો નાવ ઝોલાં ખાય,
વીરલો સુકાની કોઇ ના દીસે, કિનારો નહિં જણાય
ભાગ્ય રવી વાદળ છૂપ્યો, ઘોર થયો અંધકાર
કૃપા કરીને જગદીશ્વરા કરજો દેશ ઉદ્ધાર.

બ્રહ્માનંદ— ૪

અસીકર ધરી હૃદય ધીર ધરી, હણો અરી મસ્ત બની
સર્વોપરી ભારતની તો ઠકરાત તમે હયો વસી વળી
છોડતા નવ ધર્મ નીતિ. ન્યાય પંથે પડી ફરી
ઐક્યતાના બીજ વાવો, આર્ય બંધુ સૌ હળી મળી
હારશો ના કોઇ હિમ્મત, પ્રાથનીજ પરવાજ કરી
દેશ સેવા સ્વતંત્રતાના, ચાખો મેવા ધરી ધરી,
વગર કારણે દુભાવશો, ના હૃદય કોઈનાં દળી દળી
સંપ રાખજો સદા સર્વદા સ્હાય થશે શ્રી. હરી હરી

માવજી— ૫

આ જગમાં જર થઇ પરમેશ્વર, સહુના ઉપર સર છે
કામ બરતાં સહુ એનાથી, સહુના જીવતર જર પર છે—

ઝુકતો જમાનો છે પૈસાનો સુખ વૈભવના કજલ
ઓ માનો
"જે. પા." થવાયે જેથી, કે. સી. એસ. આઇ. અંગ્રેજી
જો ખીસ્સાઓ તર છે, નહિતો નર તે મુન્નવર છે,

ગુમાન અને માવજી— ૧૯

પિયુ સાથે ફેટીનમાં ફરશું આમ,તું સુધરેલી પુરી ઠરી
મારે હાથે રાખીશ હું લગામ, જો અલબેલી જાદુભરી
રંગ રાગે અલબેલા અનુરાગે લૂટાવું રસવાસ [૨]
મોહકારી નયનોના બાંણુ સાંધી બાંધીને પ્રેમ પાસ [૨]
લીધી દીલની લગામ દીલારામ કામણગારી તું છે ખરી–
આપી દ્યો પ્રેમ પ્રસાદી. આઘા રહો અમદાવાદી.
હવે છોડી દ્યો આ છેક છોકરવાદી—લીધી

પ્રભાવતી.— ૭

આ શી અભાગી જીવડા ગુમાની ધરે;
ગુમાની ધરે, દીલમાં નહિ રે ડરે—
રાજને તાજ ધારી, ધરે જે ખુમારી,
વીદારી દયા, જે જુલમી કામો કરે—
આલમ ફના, આ જોબન તન ધન ફના છે,
ફના તણી ફુલવાડીમાં ફુલ્યો શું ફરે—

કમળા અને સખીઓ— ૮

ચાલ વ્હેલી વ્હેલી ઓ સાહેલી, રમવાને ઉલ્લાસમાં
ઉરે ઉલ્લાસમાં, સ્નેહ સહવાસમાં
જોને જોને ચાંદલીઓ આવે,સુહાગી પ્રકાશમાં
કાળી કોયલ મને મેણાં મારશે
કોડ દીલના રસીક નેણાં ઠરાશે
એકાંત આવશે, મન લોભાવશે
જાઓ જાઓ શરમાઓ ન ખાલી, બાળી પ્રેમ પાશમાં

કમળા અને ચંદ્રપાળ—૯

મારા પ્રાણ, ભોળાં દીલડાંને સંભારજો,
સ્નેહગ્રંથી ન છૂટે, એ ધારજો—મારા.
હૃદયના તાર કસી, બાંધી લ્યો હૃદયવસી,
તમપર હું જાઉં વારી, દેવી તું હારા મારી,
તું વિકાસ, મધુ સુવાસ, ધ્યો નિવાસ, હૃદય વાસ—

મંગળા અને પેડો— ૧૦

શ્યામ સૂનાં મંદિરિયા શોભાવોરે, શ્યે ન આવોરે
રાખું નયનોમાં તોય તલસાવોરે શું રીબાવોરે
માંડો કામ તણી કોરટમાં દાવો
થાય સાબીત જો આપના ગુન્હાઓ
પૂરો દીલમાં કે નેનમાં નચાવો
બસ કુરબાન ઘો રસપાન (૨)—શ્યામ.

વશંગનાઓ— ૧૧

નયના બીકે દીલબી બીકે આસકકે રસ બાજારમે,
પર સોચકર બેચો જીગર કાંટે ભરેહ પ્યારમેં;
કાંટા ભી હય યારોંકા દીલ નાજુક યે દીલકો
દીલ ખુદભી કાંટા હય તો વો કાંટોકો કાંટા કયાં લગે ?
મેં હાર ગઈ શુઇયાં, મેરી ન એક માની
આયો શયનવા [૨]મોહે ભોલી ભાલી જાની-મેરી એક
મીઠે નયનવા કીની સયનવા
યું થામ લીયો બૈયાં, ઉરલાય લીયો દૈયાં
રસ લૂટ લીયો સૈયાં, દીલ કરકે પાની પાની–

ડ્રૉપ પહેલો

અંક ૨ જો.

પ્રભાવતી અને વીરસીંહ— ૧૨

સાચી પ્રીતિ જગમાં જુજ જણાય
મિત્ર જુઓ આ કમળ મનોહર
જળનું થયું તે સ્નેહી સહોદર
જળ સુકેજ સુકાય..............................
કાષ્ટ કોરે તે ભ્રમર કમળમાં,
પૂરાઇ તજે છે પ્રાણ જ્યાં પળમાં.
એજ પ્રીતિ કહેવાય..............................

ભાવતી અને વીરસિંહ— ૧૩

સાંવરીયા તું છે પ્રાણ આધાર
તનધન જોબનનો તું સરદાર
ધર્મ અધીક હું પ્રાણથી માનું
જીવન તુજ વીણ સર્વ નકામું
તું શિરનો શણગાર.............................

પ્રભાવતી. ૧૪

કોઇ મારા પ્રીતમને આ સંદેશો કહાવજો
મદન શરોની શય્યા, કરૂની કૈમાર કેરી,
તમારા વિના મેં પ્હેરી, હવે તો નિભાવજો
વિયોગ પ્રજાળે બાળા, કામ ધુણીમાં કાયા
લાગી તમારી માયા, દયા કંઇક લાવજો
ઝુરીને મરીશું અંતે, પૂર્વના પાપ ધોવા
તમે તે તમાશો જોવા, જરૂરજ આવજો

પ્રભાવતી અને સખીઓ—૧૫

આલી આજે મળશે મોહનવર તમને
ભાવે ભેટજો રસીક એ પ્રીતમને—
માંડી આ શી ઘેલાઈ, હારી તમથી બાઈ
હું છેક છું અજાણી, લ્યો પ્રેમ મંત્ર એ જાણી
હારી હવે જાવ જાવ, બ્હેની જરાં ધીરાં થાવ—

માવજી અને પેંઢો— ૧૬

કહું છું છેક છકી નવ જા, ઝાઝો ઉતાવળો નવ થા
ઝપાટો જોજે હવે, જોજે હવે.......................
કરડે નહીં ભસનારા શ્વાન, તુંથી કોણુ ડરે હેવાન
ઘેર જઇ રોજે હવે, રોજે હવે.......................
પાઘડી માટે માથું ભાઈ, છે ખોવાની આ મૂર્ખાઈ

કરીશ હું ડંડાથી ભરપાઇ, અને તું તો રોશે પસ્તાઇ
છંછેડીને ઝેરી સાપ, મૂકે કાં ગરદન પર કાપ–ઝપાટો
બોલે તેથી કાંઈ નવ થાય, ગાજ્યા મે'થી ના વરસાય
મારૂં નાક ભલે ને જાય, પણ તું ભીખ માંગતો થાય
સીધે સીધો અહીંથી ચાલ, નહિતો ખેંચી નાંખીશ
ખાલ–ઘેર.

બ્રહ્માનંદ— ૧૭

હર તુંહી એક છે આધાર
વિનતિ ધાર હૃદય, આપ અભય કરતું
શંકર હું તો આપ શરણમાં
અરપણ મમ શરીર આ, અઘહરણ ચરણમાં
દુ:ખહાર, વિશ્વવધાર, ઇશ્વરા ઉગાર

ગુમાન— ૧૮

લટક ચટકે લોકના હૃદય હરી
ચટક ભરી ચાલતી મ્હાલતી હું મદભરી
મધુર વદન રસીક નયન
નીરખી સ્વરૂપ સહુ મરતા
હું તો એ સર્વને બનાવી—વાહ
મઇને લલીત લ્હેરી બારીક વસ્ત્ર પ્હેરી—
મ્હાલતી હું મદભરી પ્રિયૂમાં પ્રીતિ ધરી—

માવજી અને ગુમાન— ૧૯

સુધરી જઇશું અમે આજ પછી સચ્ચાઇ થકી રળશું
સંતોષ ધરી, અમે દંભ તજી સાદાઇ વિષે વળશું
તજી ફેશન આ પરદેશતણી, દાખવશું દાઝ સ્વદેશતણી
પિયુજી તમ સંગે રહીશું રંગે; સ્નેહની જયોતે ઝળહળશું

ડ્રોપ બીજો

અંક ત્રીજો.

મહાશક્તિ— ૨૦

કરશે તમારૂં કલ્યાણ, ખડગ મમ જાળવજો શીર સાટે
સંબંધી જનો પણ જોવાને માગે કરવો ન કોઈનો વિશ્વાસ—
વિજય થશે અંતે ખડગ પ્રતાપે જાશે નવ પરનર કેરે હાથ
શીખામણ ઉરમાં ધરોને એ માટે ....કરશે.

કુમળા— ૨૧

લગાડી મોહની દીલની, મને વ્હાલે વીસારી છે;
સૂકાતો બાગ જોબનનો, કપાતાં કાળજાં કુણાં,
તૂટી દીલની લગામેતો, પછી ભુરી બીમારી છે-
થશો ના બે હુયા વ્હાલા મરી ઘાયલ જીગર મારૂ
થશે ચૂરા જીગરના તો ગુન્હેગારી તમારી છે—
ગુન્હા લાખો હશે મારા, દિલાવર તે છતાં પ્યારા.
દીવાની પર દયા લાવો, વિનંતી એ અમારી છે—

કુમળા— ૨૨

જુવોને પિતા વિચારી, જન્મથી નારી બિચારી.
પરતંત્રતા ભોગવનારી..................................
માતપિતાની આજ્ઞામા રહી, થઇ દીકરી મોટી
પરણાવી પરનરને સોંપે એ વાત નથી કંઈ ખોટી

ગૃહણી ઘર સંભાળી રાખે, પતિ વચન શીર ધારી,
ગાય દીકરી મરેલીને, શું કરો પિતાજી મારી

માધો, પેથો પાનો અને ગુમાન ૨૩

સુખમાં છલકાઇ મદમાં મલકાઇ, ન અભિમાની થઇયે
આવકસર ખરી કરકસર કરી, નિશદિન હદમાં રહીયે
નીતિથી ધન મેળવશું, ને સુખમાં રમશું જમશું
ન ડોળમાં ડૂબી જસો, તો દીકરા સુખી થશો
આ અનુભવીના શબ્દો છે અણુ મોલ
તેમાં પિતા છે પરમાત્માને તોલ
તેમની આજ્ઞા નવ લોપાઇ, સુખી થઇ જશું બન્ને ભાઇ
આનંદ આનંદ વ્યાપ્યો આજ, ભાઇ વાહ (૨)

સમાપ્ત.

→ જુના અને જાણીતા ←

ડાહ્યાભાઈ જગજીવનદાસ જરીવાલા,



હમારે ત્યાં ચોખ્ખી ચાંદીની ભરતકામની જીક, ટીકી, કાંગરી, કટોરી [ફુળીયા] નાના તથા લાકડી કસબ ગોટા [રીબીન] વિગેરે દરેક જાતનો જરીમાલ હમારે ત્યાં તૈયાર મળશે તથા ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે તેમજ ઓર્ડર પ્રમાણે દરેક જાતનું અપ-ટુ-ડેટ ફેશન મુજબનું ભરતકામ બનાવવામાં આવે છે.

હમારા કારખાનાની બનાવટની ઉંચી કારીગરીની ખાત્રી માટે મુંબઇ તેમજ કલકત્તાના મોટા એક્ઝીબીશનોમાંથી સોનાનાં ચાંદ—સરટીફીકેટો મળેલાં છે.

નં૦ ૩૭, ભીંડી બજાર મુંબઇ.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી લક્ષ્મી કાન્ત નાટક સમાજનો મુકામ જ્યાં હોય ત્યાંથી રોકડી કીંમતે મળશે, વી૦ પી૦ થી મોકલવામાં આવશે નહી.

	નામ			કીંમત
૧	દાનવી માયા નાટકનાં ગાયનો			૦—૪—૦
૨	સૂર્યકાન્ત	,,	,,	૦—૪—૦
૩	ગોડાણો	,,	,,	૦—૪—૦
૪	સુધા ચંદ્રિકા	,,	,,	૦—૪—૦
૫	પ્રેમ સંહાર	,,	,,	૦—૪—૦
૬	પાવાગઢનો પ્રલય	,,	,,	૦—૪—૦
૭	શંકરાચાર્ય	,,	,,	૦—૪—૦
૮	શંકુતલા	,,	,,	૦—૪—૦
૯	વીર કુણાલ	,,	,,	૦—૪—૦
૧૦	કુસુમચંદ્ર	,,	,,	૦—૪—૦
૧૧	કુમારપાળ	,,	,,	૦—૪—૦

માલેક

શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.